નવસારી કાર્યાલય : ૧૦૧, સુનિતા એપાર્ટમેન્ટ, બળદેવ પાન સેન્ટર સામે, નાગરવાડ,નવસારી ફોન નં.(૦૨૬૩૭) ૨૬૧૬૬૬, ૯૪૨૬૧૮૯૫૩૩ navsari@gujaratmitra.in **બીલીમોરા :** ૯૮૨૫૬૫૫૨૧૫ **ચીખલી :** ૯૭૨૭૪૭૦૦૭૧૫ **વાંસદા :** ૯૪૨૭૧૨૦૧૧૧.
સાપુતારા : ૯૫૭૪૬૫૯૬૨૪, **વાપી કાર્યાલય :** ૧૨૪, પહેલો માળ, ગોવિંદા કોમ્પલેક્ષ, GIDC ચાર રસ્તા, વાપી. ફોન : ૦૨૬૦-૨૪૨૪૬૪૬, ૯૬૦૬૯૯૫૨૧૧ vapi@gujaratmitra.in **દમણ:** ૯૬૯૮૬૬૩૨૨૫ **ઉમરગામ :** ૯૬૦૪૧૬૩૫૨૮
વલસાડ કાર્યાલય: ૬, પહેલા માળે,જુના બંબાખાના શોપીંગ સેન્ટર, રામરોટી ચોક, વલસાડ, ફોન- ૦૨૬૩૨-૨૫૬૩૩૩, ૭૮૭૪૯૫૫૩૩૩ **ધરમપુર :** ૯૫૩૭૨૫૫૮૭૨ **પારડી:** ૯૫૮૬૪૮૭૪૭૪

ધીમે ધીમે જામી રહેલુ ચોમાસુ

ઉમરગામ-પારડીમાં ૨, કપરાડા-વાપીમાં ૧ ઇંચ વરસાદ

સૂરજદાદાના દર્શન બાદ વાદળો ઘેરાયા અને ક્યાંક ક્યાંક વરસાદી ઝાપટા પડયા

વલસાડ, વાપી : આજે સાંજે ૪ વાગ્યે પુરા થતા ૨૪ કલાકમાં ઉમરગામમાં સવા ૨ ઇંચ અને પારડીમાં પોણા ૨ ઇંચ વરસાદ વરસ્યો હતો. જયારે કપરાડા-વાપીમાં ૧ ઇંચ વરસાદ નોંધાયો હતો.

વલસાડ જિલ્લામાં શરૂ થયેલું ચોમાસુ ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. ગતરાત્રે વલસાડ જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં નજીવો વરસાદ વરસ્યો હતો. જો કે આજે સવારથી વલસાડ જિલ્લામાં વરસાદે વરસવાનું ચાલુ રાખ્યું હતું. આજે સવારે ૭ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધીમાં ઉમરગામમાં ૫૪ મીમી, પારડીમાં ૪૨ મીમી, વાપી અને કપરાડામાં ૨૯ મીમી, વલસાડ અને ધરમપુરમાં ૧૧ મીમી વરસાદ વરસ્યો હતો. દિવસ દરમિયાન વરસાદ ચાલું - બંધ થતો રહેતા લોકોએ છત્રી - રેઇનકોટ લઇને જ બહાર નીકળવું પડયું હતું. તો વરસાદને કારણે લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી.

વાપીમાં મંગળવારના રોજ સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. મધ્ય રાત્રે વરસાદી ઝાપટા ચાલુ રહયા હતાં. સવારે સૂરજદાદાના થોડા સમય માટે દર્શન થયા બાદ અચાનક વાદળો ઘેરાયા હતાં. સવારે સવા નવેક વાગ્યાની આસપાસ વરસાદ પડયો હતો.

જે અડધો કલાક સુધી ચાલ્યો હતો. જેમાં વરસાદનું જોર ઓછું-વધતું જોવા મળ્યું હતું. આખો દિવસ વરસાદી ઝાપટું તો ક્યારેક ઝરમરીયો વરસાદ પડયો હતો.

કામાર્થે અવરજવર કરનારા રાહદારીઓ, શાળાના બાળકો, ટુ વ્હીલરવાળાઓએ છત્રી તથા રેઇનકોટનો સહારો લેવો પડયો હતો. બપોરે સાડા ત્રણેક વાગ્યાની આસપાસ જોરદાર વરસાદ પડયો હતો.

શાળાનું મેદાન છે કે તળાવ

■ પારડી : વલસાડ જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાના મેદાનમાં આ વર્ષે પણ પાણી ભરાઇ જતા તળાવમાં ફેરવાઇ જતા વિદ્યાર્થીઓ માટે જોખમની શક્યતા દેખાઇ રહી છે. ગત વર્ષે પણ પારડીમાં પાણી ભરાવાના અહેવાલ મીડિયા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા તેમ છતાં સરકારી તંત્ર આંખ આડે કાન કરી રહી છે. ચાલુ વર્ષે પણ પારડીમાં સતત બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાયા હતા. જેમાં પારડી શાળાની આસપાસ બિલ્ડીંગો બંધાઇ રહી હોવાથી પાણીને જવાનો રસ્તો ન રહેતા પાણીનો સંગ્રહ થઇ રહયો છે. પારડી તાલુકા પંચાયતના નેજા હેઠળ શાળાના મેદાનની દેખરેખમાં સરકારી તંત્રની પોલ દેખાઇ રહી છે જેને લઇ શિક્ષકો અને વાલીઓમાં પણ નારાજગી ફેલાઇ છે. આ ઉપરાંત પારડી કાહારવાડ, સુલભનગર, દમણીઝાંપા કોઠરખાડી વગેરે વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ત્યારે તંત્ર ખાસ કરીને કુમાર કન્યા શાળાના મેદાન પર ભરાયેલા પાણી બાબતે તાત્કાલિક ધ્યાન દોરી પાણીનો નિકાલ કરે તે જરૂરી છે.

સલવાવમાં બીલખાડીને સાફ કરવા જતા વિરોધ, પોલીસ બોલાવવી પડી

ડાઇવર્ઝન આપીને લોકો માટે રસ્તો રાખી ચેકડેમને તોડીને બીલખાડીને ખુલ્લી કરાઇ

વાપી: વાપીમાં શનિવારે ભારે વરસાદને પગલે બીલખાડીમાં પૂરની સ્થિતિએ તંત્રને દોડતું કર્યું છે. બીલખાડીના દબાણોને કારણે પૂરની સ્થિતિને લઇ નોટિફાઇડ એરિયામાં પાણી ભરાઇ ગયા હતા. અહીં સુધી કે રેલવે ટ્રેક પર પણ પાણી ફરી વળ્યા હતા. છેલ્લા બે દિવસથી સંબંધિત તંત્ર કામે લાગ્યું છે. મંગળવારે સલવાવમાં બીલખાડી પરના ચેકડેમને તોડી પાડવા માટે તંત્ર પહોંચતા જ લોકોનો વિરોધ થયો હતો. આ ચેકડેમનો લોકો પૂલ તરીકે ઉપયોગ કરતા હોવાથી મામલો ગરમ બન્યો હતો. આ કારણે પોલીસને બોલાવવાની નોબત આવી હતી. જોકે પોલીસની હાજરીમાં સંબંધિત તંત્રએ ચેકડેમને એક તરફથી તોડીને પાણીનો રસ્તો કર્યો હતો. બીજી તરફ આરકે કોલેજ પાસે બીલખાડીને સાફ કરીને નોટિફાઇડ ઓથોરિટીએ બીલખાડીને સાફ કરી હતી.

વાપીમાં શનિવારે એક દિવસમાં જ આઠ કલાકમાં સાડા બાર ઇંચ વરસાદ પડતા ઠેરઠેર પાણી ભરાયા હતા. વાપી જીઆઇડીસી વિસ્તારમાંથી પસાર થતી બીલખાડીમાં દબાણો તથા તેની સાફસફાઇના અભાવે વરસાદી પાણીનો નિકાલ નહીં થતાં પૂરની સ્થિતિ બની ગઇ હતી. આ કારણે નોટિફાઇડ એરિયામાં પાણી ભરાયા હતા. બીજી તરફ સલવાવ-બલીઠામાં ટ્રેક પર પાણી ફરી વળ્યા હતા. વાપી મામલતદાર આર.સી.પટેલના જણાવ્યા પ્રમાણે બીલખાડીની સફાઇ માટે સંબંધિત વિસ્તારમાં કામ શરૂ કર્યું છે.

સલવાવમાં લોકોનો વિરોધને જોતા પોલીસની હાજરીમાં કામગીરી કરવામાં આવી હતી. જોકે ઇરીગેશન વિભાગે ચેકડેમને તોડીને અહીં ડાઇવર્ઝન આપવામાં આવ્યું છે. અધિકારીઓ તેમજ ગામના લોક પ્રતિનિધિઓની સંમતીથી લોકોના ફાયદા માટે જ આ કામ કરવામાં આવ્યું છે. વાપી નોટિફાઇડ ઓથોરિટી, ઇરીગેશન, સંબંધિત ગ્રામ પંચાયતને કાર્યવાહી માટે સૂચના આપવામાં આવી છે.

કામગીરી ચાલી રહી છે. જયારે વાપી નોટિફાઇડ ઓફિસર એ.કે.પટેલના સાફ કરવાની કામગીરી સોંપી હતી. જણાવ્યા પ્રમાણે નોટિફાઇડ ઓથોરિટીને બ્રિજ પાસે નોટિફાઇડ ઓથોરિટીએ વાપીની આર.કે. કોલેજ પાસે બ્રિજ બીલખાડીની સફાઇ કરી દીધી છે.

સલવાવમાં પૂલ મંજૂર થયો છે

સલવાવના સરપંચના જણાવ્યા પ્રમાણે સલવાવમાં ચેકડેમમાં જે નાળા મૂકવામાં આવ્યા છે તે સાંકડા હોવાથી તેમાં વધુ વરસાદને કારણે કચરો ભરાઇ જતા પાણી ફરી વળ્યા હતા. સલવાવમાં લોકોનો કોઇ વિરોધ નથી. અહીં પૂલ માટે માગણી કરી છે. તેની મંજૂરી પણ મળી ગઇ છે. ચેકડેમને એક તરફથી મંગળવારે પોલીસ સાથે રાખીને તોડી પડાયો હતો. લોકો આ ચેકડેમનો અવરજવર માટે ઉપયોગ કરે છે. પરંતુ ડાયવર્ઝન આપી દેવામાં આવ્યું છે એટલે કોઇ સમસ્યા નથી. પૂલ જલ્દી બને તે જરૂરી છે.

કોલક નદીના કિનારે પણ બાંધકામો

વાપીની બીલખાડી આમ તો કોલક નદીમાં જ મળે છે. પરંતુ કોલક નદીના બંને કિનારે ખાનગી બાંધકામોને જોતા આગામી દિવસોમાં કોલક નદીની સ્થિતિ પણ બીલખાડી જેવી થઇ જશે. વલસાડ કલેકટર કોલક નદીનો સર્વે કરાવે તો વાપી નજીક જે પ્રકારે બાંધકામો થયા છે તે આગામી દિવસોમાં ઉત્તરાખંડ જેવા પૂર માટે નિમિત્ત બને તેવી પુરી સંભાવના છે. તંત્ર આ પ્રકારના બાંધકામોની મંજૂરી કેવી રીતે આપે છે તે જ મોટો સવાલ છે. અને જો મંજૂરી નથી આપી તો આવા બાંધકામ તોડી પાડવા જોઇએ.

ઉનાઇ વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ કરાયું

વાંસદા: વન વિભાગ દ્વારા ધનિષ્ઠ વનીકરણ ભાગરૂપે ઉનાઈ રેન્જના કરંજખેડ ગામે આર. એફ. ઓ કોસાડાના અધ્યક્ષ સ્થાને જાહેર સ્થળ ઉપર સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વૃક્ષારોપણની શરૂઆત કરંજખેડ ગામના પંચાયતના પટાંગણમાં મહેમાનો દ્વારા વૃક્ષ રોપીને કરવામાં આવ્યો હતો ત્યારબાદ ગામની શાળામાં, ગૌચરની જમીનમાં લગભગ પાંચ હજાર વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક ખેડૂતોને વાવેતર કરવા માટે એક કિવન્ટલ જેટલા દેશી મકાઈના બી આપવામાં આવી હતી. જેમાં ગામના સરપંચ મામતાબેન કોકણીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત તેમજ ડેપ્યુટી સરપંચ મોહનભાઈએ આભારવિધિ તથા સંચાલન વન સમિતના પ્રમુખ પ્રવિણ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

વલસાડની કેટલીક શાળાઓમાં છ મહિનાની ફી એકસાથે ચુકવવા દબાણ

રાજીખુશીથી એકસાથે ફી ભરી રહયા છે તે મુજબનું લખાણ વાલીઓ પાસેથી કરાવવામાં આવી રહ્યાની રજૂઆત

વલસાડ : વલસાડના તિથલ રોડ પર આવેલી કુસુમ વિધાલયના સંચાલકો વાલીઓને દબાણ કરી છ-છ મહિનાની ફી એકસાથે ભરવા મજબુર કરી રહી હોવાની વાલી મંડળે કલેકટરને રજુઆત કરી છે. વલસાડ જિલ્લા વાલીમંડળે મંગળવારે વલસાડ જિલ્લા કલેકટરને રજુઆત કરી જણાવ્યું હતું કે સરકારે દરેક સ્કુલોમાં ૩ મહિનાની ફી એકસાથે ચેકથી ચુકવવા પરિપત્ર બહાર પાડયો છે. તેમ છતાં વલસાડની કુસુમ વિધાલયમાં છ મહિનાની ફી ભરવા ફરજ પાડવામાં આવી રહી છે.

બાળકોને સ્કુલમાં ભણાવવા હોય તો ફી સાથે સમંતિપત્રક પણ આપવાનું શાળા દ્વારા જણાવાઇ રહયું છે. કાયદાની આંટીઘૂંટીમાં ન અવાઇ તે માટે વાલીઓ રાજીખુશીથી એકસાથે ફી ભરી રહયા છે તે મતલબનું લખાણ વાલીઓ પાસેથી કરાવવામાં આવી રહયું છે. વાલીમંડળે શાળાની આ નીતિનો વિરોધ કરી સરકારના પરિપત્ર મુજબ જ ૩ મહિનાની ફી લેવડાવવા કલેકટરને જણાવ્યું છે.

નવસારી જિલ્લામાં ઝરમર વરસાદ વચ્ચે બફારો

નવસારી : મંગળવારે વાંસદા તાલુકાને બાદ કરતાં જિલ્લાના પાંચેય તાલુકા મથકોમાં ઝરમર વરસાદ નોંધાયો હતો. દિવસ દરમ્યાન ભેજનું પ્રમાણ વધુ રહેતા લોકોને ભારે બફારો સહન કરવો પડયો હતો.
હવામાન વિભાગમાંથી મળતી માહિતી મુજબ વિતેલા ૨૪ કલાક દરમિયાન નવસારી જિલ્લાના ગણદેવી, ચીખલી, વાંસદા અને ખેરગામને બાદ કરતા માત્ર નવસારીમાં ૭ મી.મી. અને જલાલપોરમાં ૨ મી.મી. ઝરમર વરસાદ વરસ્યો હતો. મંગળવારે પણ જિલ્લામાં વાંસદાને બાદ કરતાં અન્ય પાંચેય તાલુકા મથકમાં ઝરમર વરસાદ પડયો હોવાનું નોંધાયું છે. જેમાં નવસારીમાં ૭ મી.મી., જલાલપોરમાં ૧૦ મી.મી., ગણદેવીમાં ૪ મી.મી., ચીખલીમાં ૬ મી.મી. અને ખેરગામમાં ૨ મી.મી. વરસાદ પડયો હતો. કૃષિ કોલેજમાંથી મળતી માહિતી મુજબ મંગળવારે નવસારીનું મહત્તમ તાપમાન ૨ ડીગ્રી સે. ૩૦.૫ ડીગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૫ ડીગ્રી સે. નોંધાયું હતું.

ભારે વરસાદે વાપીમાં મા.મ.ની પોલ ઉઘાડી

ભારે વરસાદને પગલે વાપીમાં જવાબદાર વિભાગની પોલ ઉઘાડી પડી ગઇ છે. ક્યાંક માર્ગ બેસી જવાના, ભૂવા પડવાના તથા મસમોટા ખાડાઓ પડી જવાના બનાવો બન્યા છે.
વાપી ગોવિંદા કોમ્પલેક્સ ચાર રસ્તા પાસે સેલવાસથી વાપી તરફ જતા માર્ગ ઉપર મસમોટો ખાડો પડી ગયો છે. આ ખાડામાં વરસાદી પાણી ભરાઇ રહે છે તથા ક્યારેક ભારે વરસાદ વરસેલા પાણીમાં ખાડો ગરક થઇ જતો હોય છે. આ માર્ગ પર પડેલો ખાડો વાહનચાલક તથા રાહદારીઓ માટે જોખમીરૂપ હોવાનું લાગી રહયું છે. અહીં કોઇ અણબનાવ ન બને તે માટે પોલીસ ટીમ દ્વારા બેરેટની આડ મૂકી દેવામાં આવી છે. જેથી ભિલાડથી વાપી તરફ વળાંક લેવાવાળો માર્ગ અડધો બંધ થઇ ગયો છે.

દા.ન.હ.ના આંબોલી આરોગ્ય કેન્દ્રમાં વૃક્ષ પડયું

સેલવાસ : દાનહમાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલા અતિભારે વરસાદના કારણે અને હવાનું જોર પણ વધારે હોવાથી ઘણા સ્થળો પર વૃક્ષો ધરાશાયી થયા હોવાના બનાવો બની રહયા છે. આજે સવારે પણ દાનહમાં પવન સાથે વરસાદ પડતા આંબોલી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એક વૃક્ષ ધરાશાયી થયુ હતુ. જો કે આ બનાવમાં કોઇને ઇજા થઇ નથી. સ્થળ પર વન વિભાગના કર્મચારીઓએ આવીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

બીલીમોરા પંથકમાં વરસાદની હાથતાળી

બીલીમોરા: ઘીમી ધારે ચોમાસાની ઋતુ જામી રહી છે તો વિતેલા ૨૪ કલાકમાં બીલીમોરામાં માત્ર બે મી.મી. જ વરસાદ નોંધાતા મોસમનો કુલ્લે વરસાદ ૧૬૨ મીમી અટલે કે સાડા છ ઇંચ નોંધાયો છે.
વાતાવરણ જોતા એવું લાગે કે મુશળધાર વરસાદ પડશે પણ વરસાદ હાથતાળી આપી જતો હોય હજી વિધિસર ચોમાસાનું આગમન પુરે પુરુ થયું નથી. ગરમીથી શેકાતા લોકોને થોડી રાહત પહોંચી છે. પણ વરસાદ બંધ થતા ઉકળાટ ફરી શરૂ થઇ જાય છે. ગણદેવી મામલતદાર કચેરીમાં ફલડ કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો છે. જેમાં આખા તાલુકાની વરસાદી ગતિવિધી ઉપર નજર રખાય છે.
આજ ફલડ કંટ્રોલ રૂમમાં નોંધાયેલા મૌસમનો કુલ્લે વરસાદ હજી સાડા છ ઇંચ જેટલો જ પડયો છે. જે ખેતીવાડી અને ખેડૂતો માટે અપુરતો છે. પણ વાતાવરણ જોતા નજીકના દિવસોમાં મુશળધાર વરસાદનું આગમન થશે એવું લાગી રહયું છે.

પારડી ગોઇમામાં જમીન તકરારમાં નાના ભાઇ પર હુમલો

પારડી : પારડી ગોઈમામાં જમીન તકરારમાં નાના ભાઈની આંખ પર હુમલો કરાતા પારડી પોલીસ મથકે મોટી બહેન, બનેવી તેમનો દીકરો, મોટા ભાઈ અને તેની પત્ની સામે ફરિયાદ દાખલ કરાઈ હતી.
પારડી તાલુકાનાં ગોઈમાં આગ્રીવાડમાં રહેતા એક મરાઠી પરિવારમાં છેલ્લા કેટલાક સમયથી જમીન બાબતે ઝગડા ચાલી રહયા હતા. ગોઈમામાં રહેતા કિરીટ રતિલાલ મરાઠીના મોટોભાઈ જમીન બાબતે ઝઘડો કરતાં હોવાથી તેઓ ઘર નજીક રહેતા તેના બનેવી કપૂર નવીનભાઈ ડાકેને તેનો મોટો ભાઈ નિમેશ અને તેની પત્ની કલ્પના અવારનવાર જમીન બાબતે ઝઘડો કરે છે જેમને શાંત રાખો તેમ કહેવા ગયા હતા. દરમ્યાન બનેવી કપૂરભાઈ અને બહેન સોનલ અને તેમનો દીકરો ઘરમાંથી દોડી આવ્યા હતા અને ઉશ્કેરાઈ જઈ કિરીટને ગાળો આપી ત્રણેય જણાએ ઢીક્કા મુક્કીનો માર માર્યો હતો. ત્યાર બાદ તેનો મોટોભાઈ નિમેષ અને તેની પત્ની કલ્પના પણ ત્યાં આવી કિરીટને માર માર્યો હતો. આ ઘટનામાં કિરીટને આંખના ભાગે હુમલો કરી ઈજા પહોંચતા રોહિણા સરકારી દવાખાને સારવાર લઈ પારડી પોલીસ મથકે આવી મોટી બહેન, બનેવી તેમનો દીકરો, મોટા ભાઈ અને તેની પત્ની સામે ફરિયાદ આપતા પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

સેલવાસમાં એક જ રાતમાં કુતરા કરડવાના ૧૫ બનાવો

સેલવાસ : દાનહના સેલવાસમાં આવેલા કિલવણી નાકાથી લઈને બાવીસા ફળિયા સુધીમાં ગયા સોમવારે એક જ રાત્રીમાં કુતરા કરડવાના ૧૫ જેટલા બનાવો વિનોબા ભાવે હોસ્પીટલમાં નોંધાયા છે. જો કે એક પણ દર્દીને દાખલ કરવામા આવ્યો નથી.

વાપીમાં અજગર નજરે પડતા લોકોમાં ભય ફેલાયો

વાપી નજીકના મોહનગામમાં એક મોટો અજગર નજરે પડતા વાપી જીઆઈડીસી યુનિટ-૧ની ફાયર વિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી. જેથી ઘટના સ્થળે વી.જી.ચાવડા, ડી.ડી.પરમાર, જય વ્યાસ, ઈમરાન તરૈયા, અજય પટેલ સહતની ફાયર ટીમ પહોંચી જઈ ભારે જહેમત બાદ અજગરને પકડી લોકોને ભયમુકત કર્યા હતાં. અજગરની લંબાઈ આશરે ૯ ફૂટ અને વજન ૧૮ થી ૨૦ કિલોગ્રામનો હતો.

ઉમરગામ- વાપીના અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય વિષયક કામગીરી ધરાઇ

વલસાડ : વલસાડ જિલ્લામાં ઉમરગામ અને વાપી તાલુકામાં થયેલા ભારે વરસાદના કારણે જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા તારાજી સર્જાઇ હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા કલેકટર સી.આર. ખરસાણની દેખરેખ હેઠળ જિલ્લામાં આરોગ્ય વિષયક તેમજ રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. વલસાડ જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં સફાઇ ઝુંબેશની સાથે રોગચાળા અટકાયતી પગલાંના ભાગરૂપે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તબક્કાવાર પગલાં લેવાઇ રહયાં છે. જેમાં આરોગ્યને પ્રાધાન્ય આપી આરોગ્યની ૨૫ તબીબી ટીમ, ૪ મેડીકલ ઓફિસર, ૪ આયુષ મેડીકલ ઓફિસર તથા તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા પાંચ ગામોના ૧૩ ફળિયાના ૧૪૮૮ લોકોની વસ્તીને આવરી લેવામાં આવી છે. પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે ઘરે સર્વેલન્સની કામગીરીમાં ૭૫૭ ઘરોના ૩૮૮૩ વ્યક્તિઓને આવરી લેવામાં આવ્યા છે.

વાપી શાકભાજી માર્કેટમાં વ્યવસ્થાનો અભાવ

વાપી : વાપી ટાઉનમાં શાકભાજી માર્કેટ આવેલી છે અને તેની આસપાસ અનેક સોસાયટી-બિલ્ડીંગો પણ આવેલી છે. વાપી તથા આસપાસના ગામમાંથી આવનારી બહેનો માટે કોઇ યોગ્ય વ્યવસ્થા ન હોવાથી તેઓ શાકભાજી બજાર અને વાપી ટાઉન બજારની માર્ગ કિનારીએ બેસેલા જોવા મળે છે. વાપી શાકભાજી બજારમાં અનેક નાના-મોટા વેપારીઓના ગોડાઉનો આવેલા હોવાથી દિવસમાં અનેકો વખત માલ ખાલી કે ભરવા માટે ભારે વાહનો આવતા હોય છે અને માર્ગ વચ્ચે જ ઉભા રહી ગોડાઉનમાં માલ ખાલી કરતા હોય છે જેને કારણે શાકભાજી બજારમાં આવનારા અન્ય લોકોને ભારે મુશ્કેલી પડતી હોય છે. જેને પાલિકાએ ધ્યાને લઇ જે તે સમયે વાપી ટાઉન શાકભાજી બજારમાં ભારે વાહનો ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. આ માટે સૂચકબોર્ડ પણ મૂકવામાં આવ્યું હતું. તથા માર્ગ વચ્ચે બે એંગલો પણ લગાવવામાં આવી હતી. સમય વીતતા આ બધું ગાયબ થઇ ગયું છે. ભારે વાહનો માટે ઉભી કરવામાં આવેલ એંગલ પણ કોઇક વાહન અડફેટે વળી જતા તેને હટાવવાની કામગીરી હાથ ધરાઇ હતી.

જાહેર માર્ગો ઉપર પશુઓના ટોળાથી સમસ્યા

■ બીલીમોરા: જાહેર માર્ગો ઉપર પશુઓના ટોળેટોળા અનેક સમસ્યાઓ સર્જી રહયા છે જેના નિરાકરણ માટે મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.
ચોમાસાની ઋતુ શરૂ થઇ નથી કે રખડતા પશુઓનો અસહ્ય ત્રાસ શરૂ થઇ ગયો છે. વહીવટી તંત્ર આ સમસ્યાના ઉકેલ માટે બીલકુલ નિષ્ક્રીય છે અને એક બીજા ઉપર જવાબદારી ઢોળે છે. આ રખડતા પશુઓના કાયમી ઉકેલ માટે ખખવાડા ગામના પર્યાવરણ પ્રેમી જયેશ નાયકે રાજયના મુખ્યમંત્રીને આવેનપત્ર આપી જણાવ્યું છે કે ગણદેવી તાલુકાના બીલીમોરા, ગણદેવી, ભૈયાટેકરી, વલોટી ત્રણ રસ્તા સહીત ઠેર ઠેર જાહેર માર્ગો ઉપર અડીંગો જમાવીને ઢોરો બેસી રહે છે. જેના કારણે નાના મોટા અકસ્માતો વધી રહયા છે હાલમાં જ ગણદેવી ચાર રસ્તા પાસે રસ્તાની વચ્ચે બેસી રહેલા ગાયોના ટોળા ઉપર એસ.ટી. બસ ચડી જતા ચાર ગાયોના કરૂણ મોત નીપજયા હતા અને પનિહારી નદી પાસે કાર સાથે આખલો અથડાતા કારને મોટુ નુકશાન પહોંચ્યું હતું. જો કે આ પ્રશ્ને ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં રજુ થયો છે. પણ આ વિભાગોના અધિકારીઓ કાર્યક્રમમાં હાજર રહેતા નથી અને સમસ્યાનું નિવારણ કરવાને બદલે હાથ ખંખેરી નાખે છે એટલે મુખ્યમંત્રી પાસે તપાસ માગવામાં આવી છે.